# ‘ભીષ્મ પંચક’ કાતરક માસનું પ્રભાવી વ્રત

ધર્મરંગ
વ્યોમા સેલર

સનાતન ધર્મમાં અનેક પ્રકારના વેદો, ઉપનિષદો, કાવ્યો વગેરે પૂજનીય તથા આદરણીય ગ્રંથોઃ રામાયણ, મહાભારત, ગીતોઉપદેશ, શ્રીમદ્ ભાગવત મહાપૂરાણ. સૃષ્ટિ પરના દરેક માનવીઓ આનંદ પામવા માટે વિવિધ પ્રકારના તહેવારોની ઉજવણી કરે છે. જેવા કે ઉત્તરાયણ, હોળી, દિવાળી ઈત્યાદી. દરેક ધર્મના અલગ અલગ ઉત્સવો હોય છે.

હિન્દુ ધર્મનું મહાકાવ્ય મહાભારતમાં કૌરવો, પાંડવો, કૃષ્ણ વગેરે મહાન વ્યક્તિત્વ ધરાવતા સજ્જનોનું આલેખન જાણી શકાય છે. મહાભારતનું એક મહાન પાત્ર ગંગાપૂત્ર ભીષ્મ પણ છે. જેઓ ભીષ્મ પ્રતિજ્ઞા માટે પ્રખ્યાત છે.

સામાન્યઃ હિન્દુ ધર્મમાં પંચકને અશુભ માનવામાં આવે છે. મહાભારતના યુદ્ધ પૂર્ણ થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા પાંચ પાંડવોને કુરુક્ષેત્રની રણભૂમિ પર શરશૈયા પર પોઢેલા ભીષ્મ પિતામહ પાસે જ્ઞાન ઉપાજન માટે લઈ જવાયા હતા. કારતક માસની શુક્લ એકાદશીથી પૂર્ણિમા સુધી પાંચ દિવસ ભીષ્મ પિતામહ દ્વારા રાજધર્મ, વર્ણધર્મ, મોક્ષધર્મ વગેરેનું જ્ઞાન ઉપદેશ પાંડવોને પ્રદાન કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રીકૃષ્ણે ભીષ્મના પાંચ દિવસ જ્ઞાનોપ્રદેશને અત્યંત મંગલકારી ઘોષિત કર્યા હતા. આથી પાંચ દિવસના સમુહને ભીષ્મપંચક તરીકે ઓળખવામાં આવે છે.

વૈદિક જ્યોતિષમાં પાંચ મહા નક્ષત્રો, રોહિણી, પૂષ્ય, મઘા, ઉત્તરા, ફાલ્ગુની, રેવતીનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે, તેઓ પોતાની વિશિષ્ટ વિશેષતાઓ તથા વ્યક્તિના જીવન પર સકારાત્મક પ્રભાવ પાડે છે. આ નક્ષત્રોને સમજવાથી વ્યક્તિત્વ, સંબંધો તથા સંભવિત જીવન પથની જાણકારી પ્રાપ્ત થાય છે. પૂષ્ય નક્ષત્રને સર્વ શક્તિશાળી તથા શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે, તે સમૃદ્ધિ સિદ્ધિ તથા સર્વ કાર્ય માટે અત્યંત શુભદાયી છે. બીજા નક્ષત્ર પણ બહુજ શક્તિશાળી હોય છે. ‘રેવતી’ સમૃદ્ધિ પ્રદાન કરે છે. ‘કૃતિકા’ નેતૃત્વ માટે, ‘મઘા’ પ્રભાવ, રોહિણી ધન વૈભવ માટે મહત્ત્વ ધરાવે છે.



ભીષ્મ પંચક વૈષ્ણવ સંપ્રદાયનો મહત્ત્વનો તહેવાર છે. વૈષ્ણવો ભીષ્મ પંચકના દિવસો ઉપવાસનું પાલન કરી મનાવે છે. આ દિવસોમાં સાત્વિક તથા ફલાહાર ભોજન જેવા કે ફળો, શાકભાજી, સૂકોમેવા વગેરેનું સેવન કરે છે. કાચાં શાકભાજી કે બાફેલા બટાકા, શક્કરિયા વગેરે આહારમાં આરોગી શકાય છે. તામસિક ભોજન, બહુબીજ ફળ જેવા કે જમરૂખ, દાડમ તથા દૂધ કે દહીંની બનાવટનું સેવન વર્જિત માનવામાં આવે છે. વૈષ્ણવ ભક્તો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણને ભીષ્મ પંચકના દિવસો દરમિયાન વિવિધ રીતે પૂજન-અર્ચન કરવામાં આવે છે.

» પંચકના પ્રથમ દિવસે ભગવાનના ચરણોમાં કમળનું પુષ્પ અર્પણ કરવામાં આવે છે.
» દ્વિતિય દિન ભગવાનની જાંઘ પર બિલ્લીપત્રનું પાન અર્પણ કરાય છે.
» તૃતિય દિવસે ભગવાનની નાભિ ક્ષેત્રમાં સુંગંધ અર્પણ કરવામાં આવે છે.
» ચર્તુથ દિવસે ભગવાનની કંધો પર જાસૂદ પુષ્પ અર્પણ કરવામાં આવે છે.
» પંચમ દિવસે ભગવાનના શિર પર મધુમાલતીના ફૂલો અર્પણ કરવામાં આવે છે.

ભીષ્મ પંચકના વ્રત દરમ્યાન પ્રતિદિન ભગવાન કૃષ્ણ તથા ભીષ્મ પિતામહની ફુલ, ચંદન વગેરે દ્વવ્યો દ્વારા પૂજા-અર્ચન કરવું જોઈએ. પાંચ દિવસ અખંડ

**ભગવાન શ્રીકૃષ્ણે ભીષ્મના પાંચ દિવસ જ્ઞાનોદેશને અત્યંત મંગલકારી ઘોષિત કર્યા હતા. આથી પાંચ દિવસના સમુહને ભીષ્મપંચક તરીકે ઓળખવામાં આવે છે**

દીવો પ્રગટાવો જોઈએ. બ્રહ્મચર્યનું પાલન તથા સત્ય બોલવાનું પાલન કરવું જોઈએ. ઉત્થાપાનના દિવસે હવન તથા ભગવાન સત્યનારાયણની પૂજા કરવી જોઈએ. ભીષ્મ પંચકનું અધિક મહત્ત્વ માનવામાં આવે છે. પોતાના પ્રાણ ત્યાગ કરવાની પ્રતિક્ષા કરી રહેલા રણભૂમિમાં બાણશૈયા ગ્રહણ કરેલ ભીષ્મ પિતામહે આ પાંચ દિવસ ઉપવાસ કર્યા હતા. કાર્તિક માસમાં આ પાંચ દિવસોનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસો ખૂબ જ પૂણ્યદાયી તથા પવિત્ર માનવામાં આવે છે. આ દિવસો મનુષ્યોને અધિક આધ્યાત્મિક તથા પૂણ્ય પ્રદાન કરે છે. શાસ્ત્રોનું સાર પંચક દરમ્યિાન કરવામાં આવેલ વ્રત, ઉપવાસ, તપસ્યા મોક્ષનો માર્ગ પ્રદાન કરે છે.

પંચકના દિવસો દરમ્યાન કેટલાક શુભ કાર્યોને વર્જિત માનવામાં આવે છે. જેવા ઘરની છત બનાવવી પલંગ કે ચારપાઈ બનાવવી, લાંકડા કે જ્વનશીલ પદાર્થો એકત્ર કરવા, લગ્ન કરવા, વિવાહ કરવા મુંડનવિધિ ગ્રહ પ્રવેશ કરવો વગેરે કાર્યો વર્જિત છે.

---

# બાંધ્યું છોડોઃ છોડ્યું બાંધો!

બાઉલ કથા

લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

બંગાળના જલપાઈગુડી કસ્બામાં, સુકારિ નામનું ગામ, ચાઉલ નદીના પશ્ચિમ છેડે વસેલું છે. તેના કાંઠા પર કુકરીપા નામે નેડા બાઉલ રહે છે. તેના આશ્રમે અમે પહોંચ્યા ત્યારે તેણે ગુરુ તિલતાપાને યાદ કરી વાત કરી.

કુકરીપા બોલ્યા, ‘મારા ગુરુએ મને સમાવર્તન એટલે કે દીક્ષા પૂર્ણ કરી ત્યારે પરંપરા મુજબ એક પ્રશ્ન વાક્ય (પઝલ સેન્ટેન્સ) આપ્યુંઃ ‘અબાધેક મુક્ત કરો, મુક્ત કે આબદ્ધ’ બાંધેલાને છોડો અને છૂટેલા ને બાંધો! જે કોયડો દસ વર્ષ પછી પણ હું ઉકેલી ન શક્યો. મેં મારો અહીં આશ્રમ બનાવી લીધો પણ તે છતાં આ પ્રશ્ન વાક્ય સદાય મારી સામે જ રહેતું.

ગુરુનો આશ્રમ અહીંથી 4 કિલોમીટર દૂર આવેલ હતો તેથી અવારનવાર ત્યાં જતો હતો પણ ખરો. 10 વર્ષ સુધી આ ગુંચવાયેલ પ્રશ્ન ન ઉકલી શક્યો તેથી એક વખતે મેં ગુરુને પૂછ્યું, ‘આ પ્રશ્ન વાક્યનો ભેદ ઉકલતો નથી’

તે હસવા માંડ્યા અને બોલ્યા, ‘અરે! તું તો ખૂબ પ્રવીણ, વાચાળ અને બુદ્ધિશાળી છો! તારા આશ્રમે તો ઘણા મુલાકાતીઓ, સત્સંગીઓ આવે છે! તને આ વાત ન સમજાય તેવું કેમ બને?’

હું ચૂપચાપ રહી તેમની સામે જોતો રહ્યો

તે આગળ બોલ્યા, ‘તું અહીં દસેક દિવસ રોકાઈ જા! જો સામેના ટેકરા ઉપર એક મોટું ચરીયાણ છે. ત્યાં રંધા



ઘોષ નામે એક ભરવાડ રહે છે. ત્યાંથી મને દરરોજ દૂધ લાવી દેજે. તે દરરોજ દૂધની સેવા કરે છે પરંતુ હું વૃદ્ધાવસ્થાને લીધે હવે એટલું ચડી અને દૂધ લેવા જઈ શકતો નથી.’

મેં ગુરુની વાત સ્વીકારી. પ્રથમ દિવસે હું રંધાના ચરિયાણમાં ગયો. તેણે વિશાળ ચરિયાણની ચોતરફ મોટા મોટા પથ્થરોની દિવાલ રચી દીધી છે. એક નાની ઝાંપલી પાસેથી હું તેના ચરિયાણમાં પ્રવેશ્યો. ત્યાં કુતરાના ભસવાનો અવાજ આવ્યો. હું ઉભો રહી ગયો.

ત્યાં તો રંધો બોલ્યો. ‘આવો! બાઉલ! કૂતરો તો બાંધેલો છે. કંઈ નહીં કરે!’

મને ગુરુ માટે દૂધ આપ્યું પછી તે બોલ્યો, ‘કુતરાને તો રાત્રે જ છૂટો મૂકું છું. દિવસે તો બાંધી જ રાખું છું. રાત્રે કોઈ વરુ કે હિંસક પ્રાણી આવે તો કૂતરો ગાયનું રક્ષણ કરે એ હેતુ છે કદાચ રાત્રે આવો તો ખ્યાલ રાખજો.’

મેં પૂછ્યું, ‘રંધા, તું ગાય ચરાવવા ક્યાં જાશ?’

તે બોલ્યો, ‘બાઉલ! આ મારું બાંધેલું ચરિયાણ છે. 20 ગાય છે! તે આ ચરિયાણમાં ચર્યા કરે, મારે ગાય લઈને બહાર જવાની જરૂરત રહેતી નથી, સવારે ગાયને છોડી મૂકું, તો છેક સાંજે પાછી બાંધી લઉં ત્યાં સુધીમાં તો ગાય ઘાસ ચરી અને સંપૂર્ણ સંતૃપ્ત થઈ જાય.

હું દૂધ લઈ ગુરુ પાસે આવ્યો. આવું આઠ દિવસ સુધી ચાલ્યું મને થયું કે હવે ગુરુ પ્રશ્ન વાક્ય કયા દિવસે ઉકેલી આપશે

નવમી દિવસે સાંજે ગુરુ બોલ્યા, ‘કુકરીપા! આવતીકાલે તો તારો છેલ્લો દિવસ! પછી તો તારે તારા આશ્રમે પરત જવાનું છે ને શું! તને પ્રશ્ન વાક્યનો અર્થ મળ્યો?’ મેં કહ્યું, ‘ના, હજુ સુધી તો કશું સમજાયું નથી!’

ગુરુ હસ્યા અને બોલ્યા, ‘જો ‘અબાધેક મુક્ત કરો, મુક્ત કે આબદ્ધ’ બાંધેલાને છોડો અને છૂટેલા ને બાંધો! આ રંધા ઘોષના બંધ ચરિયાણમાં સવારના સમયે ગાયો જે બાંધેલી છે તેને તે મુક્ત કરે છે, રાત આખી મુક્ત રીતે રખડતા શ્વાનને સવારે બાંધી દે છે. સવારે ગાયને છોડવાથી, આખો દિવસ તે ચરિયાણમાં ભોજન કરી તૃપ્ત થાય છે. કૂતરાને બાંધવાથી કોઈ મુલાકાતી, મહેમાન, વગેરે આવનાર સુરક્ષિત રહે છે.

સાંજે ફરી ગાયોને દોહવા માટે, તેને સુરક્ષિત રાખવા માટે તેને બાંધી દે છે! શ્વાનને ચરિયાણની રખેવાળી માટે છૂટો મૂકી દે છે! જેથી જંગલી હિંસક પ્રાણીઓ ચરિયાણમાં પ્રવેશ કરી, ગાયને ઈજા ન કરે.’

ગુરુ આગળ બોલ્યા, ‘તું મારી પાસે બાઉલતત્વ જાણવા માટે આવ્યો હતો, ત્યારે તે બાઉલતત્વ ખૂબ ઝડપથી ગ્રહણ કરી લેતો હતો. પરંતુ, ગ્રહણ કરેલ તે તત્વને તું તરત વાચા દ્વારા બોલી પણ નાખતો! તે જ્ઞાનને ચિત્તમાં પચવાનો અને વ્યવહારમાં આવવાનો સમય ના આપતો! તે ખાસિયત સમાવર્તન સુધી તે અકબંધ રાખી તેથી મારે તને આ પ્રશ્નવાક્ય આપવું પડ્યું! જે ખરેખરા ભાવક બાઉલ પ્રેમી છે, ત્યાં જ આપણા બાંધેલા જ્ઞાનને મુક્ત કરવું જોઈએ! આ

**સવારે ગાયને છોડવાથી, આખો દિવસ તે ચરિયાણમાં ભોજન કરી તૃપ્ત થાય છે. કૂતરાને બાંધવાથી કોઈ મુલાકાતી, મહેમાન, વગેરે આવનાર સુરક્ષિત રહે છે**

રીતે જ્યાં ત્યાં છૂટ્ટા ફરતા જ્ઞાનને વાણીથી વહાવવાને બદલે બાંધી રાખવું જોઈએ!

જ્યારે બાઉલ પ્રેમીની મંડળીનો સૂર્ય ઊગે, ત્યારે ગાયરૂપી બાઉલતત્વને છોડવું. પરંતુ જ્યાં તે જાણવાની તાલાવેલી ન હોય, તેવા રાત્રી જેવા સ્થાને, આ બાઉલતત્વની ગાયને બાંધી રાખવી. એક ભરવાડ રંધો ઘોષ જેટલું જાણી શક્યો તેટલું તું બાઉલ ગુરુ થઈને પણ પ્રાપ્ત ન કરી શક્યો?’

વાતનું સમાપન કરતા કુકરીપા બોલ્યા, ‘બસ, ત્યારથી હું બાંધેલને છોડુ છું અને છોડેલને બાંધું છું!’